રથયાત્રા પૂર્વે પરંપરાગત રીતે ઉજવાતા નેત્રોત્સવમાં ભક્તોનું ઘોડાપૂર: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિશેષ પૂજા કરી

કાલે અમદાવાદમાં 149મી જગન્નાથ રથયાત્રા, પ્રથમવાર સ્માર્ટ પોલિસિંગ, AI ટેક્નોલોજીનો ઉપયોગ

16.5 કિમીના રથયાત્રા રૂટની 800થી વધુ પો.ઇ.ને વિશેષ જવાબદારી

10 આઈજી, 42 ડીસીપી અને 88 એસીપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, મિલિટરી અને પેરા-મિલિટરી દળની ટુકડીઓ પણ તૈનાત

16.2 કિમીના રૂટ પર 3 રથ, 18 ગજરાજ, 103 ટ્રક અને 30 અખાડા જોડાશે; નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રૂટનું નિરીક્ષણ કરી સુરક્ષા તૈયારીઓની સમીક્ષા કરી

અમદાવાદઃ અમદાવાદમાં અષાઢી બીજ 16 જુલાઈના દિવસે યોજાનારી ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રા પૂર્વે આજે જગન્નાથ મંદિરમાં ધાર્મિક કાર્યક્રમોની ભક્તિભાવપૂર્વક વહેલી સવારથી જ નેત્રોત્સવ વિધિના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો મંદિર પરિસરમાં ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર વિસ્તાર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યો હતો.

વહેલી સવારે 6 વાગ્યે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળદેવજીને ગર્ભગૃહમાં આવેલી રત્નવેદી પર શાસ્ત્રોક્ત વિધિ અનુસાર બિરાજમાન કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સવારે 7:30 વાગ્યાથી નેત્રોત્સવ પૂજન વિધિનો પ્રારંભ થયો, જે સવારે 10:30 વાગ્યા સુધી ચાલી હતી. નેત્રોત્સવ વિધિ પૂર્ણ થયા બાદ મંદિરના મુખ્ય શિખર પર પરંપરાગત ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાઆરતી યોજાઈ હતી.

નેત્રોત્સવ પૂજન વિધિમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરી

આ પ્રસંગે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા. તેમણે ભગવાન જગન્નાથની આરતી અને વિશેષ પૂજા-અર્ચના કરીને રાજ્યમાં શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિતના ઉચ્ચ રાજકીય પદાધિકારીઓ, ધારાસભ્યો તેમજ અગ્રણી સાધુ-સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભક્તોએ પણ નેત્રોત્સવના પવિત્ર દર્શન કરીને ધાર્મિક લાભ મેળવ્યો હતો.

નેત્રોત્સવ વિધિ પૂર્ણ થયા બાદ મહંત દિલીપદાસ મહારાજ અને મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર તથા શંખનાદ વચ્ચે ભગવાન જગન્નાથજીના નિજ મંદિરના ગગનચુંબી શિખર પર પરંપરાગત નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ધ્વજારોહણના પવિત્ર દર્શન કરવા માટે હજારો ભક્તો ઉમટી પડ્યા હતા. અણસરના 15 દિવસ બાદ ભગવાનના નવયૌવન દર્શન અને પરંપરાગત નેત્રોત્સવ વિધિ દરમિયાન ભક્તોએ સોનાવેશમાં સજ્જ ભગવાનના દર્શનનો લાભ લીધો હતો.

રથયાત્રા માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા

સમગ્ર 16.2 કિલોમીટરના પરંપરાગત રૂટને 26 રેન્જ, 53 એરિયા અને 1,397 સુરક્ષા પોઈન્ટમાં વહેંચીને 10 આઈજી-ડીઆઈજી, 42 ડીસીપી, 88 એસીપી સહિત 30 હજારથી વધુ પોલીસ જવાનો, 15 એસઆરપીની ટુકડીઓ અને 9 કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્ય પોલીસ વડા જી.એસ. મલિક, શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે સમગ્ર રૂટનું નિરીક્ષણ કરીને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

સમગ્ર રૂટ પર 100થી વધુ ડ્રોન દ્વારા સતત હવાઈ નજર રાખવામાં આવશે, જ્યારે શંકાસ્પદ તત્વોને ઓળખવા માટે AI ફેસ રેકગ્નિશન કેમેરા, 3D મેપિંગ સિસ્ટમ, વર્ચ્યુઅલ મોનિટરિંગ, બોડી વોર્ન કેમેરા, એન્ટી-ડ્રોન ગન, હાઈટેક વાયરલેસ નેટવર્ક અને AI વોઈસ બોટ જેવી અદ્યતન વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. રથયાત્રામાં જોડાનારા 18 ગજરાજની હિલચાલ પર નજર રાખવા GPS, CCTV અને ડેસિબલ મીટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આ વર્ષે 16.2 કિલોમીટરના રૂટ પર ભગવાન જગન્નાથજી, બલભદ્રજી અને બહેન સુભદ્રાજીના ત્રણ મુખ્ય રથો સાથે 18 ગજરાજ, 103 ટ્રકો, 30 અખાડાઓ અને વિવિધ ભજન મંડળીઓ જોડાશે. રથયાત્રા પહેલાં છેલ્લા એક મહિનાથી પોલીસ વિભાગે વિવિધ સમાજો સાથે બેઠકો, જનજાગૃતિ કાર્યક્રમો અને સોશિયલ પોલિસિંગના માધ્યમથી ભાઈચારાનું વાતાવરણ વધુ મજબૂત બનાવ્યું છે.

તામિલનાડુ સહિત ભારતભરમાં ગોહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ કેમ મૂકી શકાતો નથી?

ભારતનાં ૧૭૦૦ કરોડથી વધુ હિન્દુઓ ગાયને પવિત્ર પ્રાણી માને છે. મોગલ કાળમાં પણ ભારતમાં ગોવંશની હત્યા પર પ્રતિબંધ હતો. ભારતમાં ગોવંશની હત્યા શરૂ કરાવનારા અંગ્રેજો હતા. મુસ્લિમો ક્યારેય ગોહત્યાને પોતાનો ધાર્મિક અધિકાર માનતા નહોતા, કારણ કે અરબસ્તાનમાં ગાયો જ નહોતી. ગાંધીજીએ કહ્યું હતું કે ભારતને સ્વતંત્રતા મળશે તે પછી પહેલું કામ ગોહત્યાબંધીનું કરવામાં આવશે. ભારતને સ્વતંત્ર થયાને ૭૯ વર્ષ થઈ ગયા પછી પણ આખા ભારતમાં સંપૂર્ણ ગોવંશહત્યાબંધી થઈ નથી શકતી, કારણ કે ભારતનાં સ્થાપિત હિતો ગોહત્યા કરીને અને ગોમાંસની નિકાસ કરીને અબજો ડોલરની કમાણી કરે છે. આખી દુનિયામાં ભારત ગોમાંસની નિકાસમાં બીજા નંબરે છે, તે બદલ ભારતના વડા પ્રધાન પણ ગર્વ અનુભવે છે. આવા સંયોગોમાં મદ્રાસ હાઈ કોર્ટે સમગ્ર તામિલનાડુમાં ગાય અને વાછરડાંની કતલ પર પ્રતિબંધ ફરમાવતો અફલાતૂન ચુકાદો આપ્યો હતો, પણ મુસ્લિમોના મતો ગુમાવી દેવાના ડરે તામિલનાડુની સરકાર તેની સામે સુપ્રીમ કોર્ટમાં ગઈ ત્યારે સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈ કોર્ટના ચુકાદાને સ્થગિત કરીને તામિલનાડુમાં ગોવંશની હત્યા કરવાની છૂટ આપી દીધી હતી.

મદ્રાસ હાઈ કોર્ટમાં કરવામાં આવેલી જાહેર હિતની અરજીમાં માંગણી કરવામાં આવી હતી કે બકરી ઈદના દિવસો દરમિયાન કોઈમ્બતુરમાં પશુઓની કતલ થવી ન જોઈએ, પરંતુ હાઈકોર્ટે તેનાથી આગળ વધીને સમગ્ર તમિલનાડુમાં કોઈ પણ દિવસે ગાય અને વાછરડાંની કતલ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો. હિન્દુ મક્કલ કાચી નામની સંસ્થાના જનરલ સેક્રેટરી કે. સૂર્યપ્રશાંત દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીના જવાબમાં જસ્ટિસ જી.આર. સ્વામીનાથન અને વી. લક્ષ્મીનારાયણનની બનેલી બેન્ચે આ આદેશ આપ્યો હતો.

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

હાઈકોર્ટે પોતાના આદેશમાં એક સરકારી આદેશનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં દૂધ ઉત્પાદન અને ગ્રામીણ અર્થતંત્રને પ્રોત્સાહન આપવા માટે ગાયની કતલ પર પ્રતિબંધ મૂકવાની જરૂરિયાત જણાવવામાં આવી હતી. ઉપરાંત, સુપ્રીમ કોર્ટના તેવા નિર્ણયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે બકરી ઇદ પર પશુઓની કુરબાની ઇસ્લામની આવશ્યક ધાર્મિક પ્રથા નથી.

ચુકાદો લખનારા ન્યાયાધીશ સ્વામીનાથને ભાર મૂક્યો હતો કે બંધારણની કલમ ૪૮ રાજ્યને ગાય, વાછરડાં અને અન્ય દૂધાળાં અને ભાર ઉપાડનારાં પશુઓની કતલ પર પ્રતિબંધ મૂકવાની સત્તા આપે છે. બંધારણ સભાની ચર્ચાઓમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે ગાય એક આદરણીય પ્રાણી છે અને ભગવાન કૃષ્ણના સમયથી આપણી સંસ્કૃતિનો અભિન્ન ભાગ રહી છે. હકીકતમાં બંધારણની ૪૮ કલમનો આશરો લઈને જ ગુજરાત સહિતનાં ભાજપશાસિત રાજ્યોમાં ગોવંશની હત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેને સુપ્રીમ કોર્ટે પણ કાયમ રાખ્યો છે.

તામિલનાડુ સરકારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં કહ્યું હતું કે હાઈકોર્ટે એવી રાહત આપી હતી જે અરજદારે માંગી પણ નહોતી. સરકારના મતે હાઈકોર્ટ સમક્ષનો વિવાદ જાહેર સ્થળોએ પશુઓની કતલ અટકાવવા પૂરતો મર્યાદિત હતો, પરંતુ કોર્ટે અધિકૃત કતલખાનાંઓમાં પણ ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો હતો. તામિલનાડુ સરકારે મદ્રાસ હાઈ કોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે પ્રથમ દૃષ્ટિએ જણાવ્યું હતું કે હાઈકોર્ટના આદેશના છેલ્લા ભાગમાં ફેરફાર જરૂરી છે. ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે તામિલનાડુ સરકારની સ્પેશ્યલ લીવ પિટિશન (SLP) પર સુનાવણી કરતી વખતે નોટિસ જારી કરી હતી અને હાઈકોર્ટના આદેશ પર સ્ટે આપ્યો હતો. તામિલનાડુ સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે મદ્રાસ હાઈ કોર્ટનો આદેશ તમિલનાડુ પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૮ ની વિરુદ્ધ છે. હવે અભિષેક મનુ સિંઘવી પોતે જૈન છે, શુદ્ધ શાકાહારી છે અને કોંગ્રેસના સાંસદ છે. તેમ છતાં તેમણે પોતાના અંતરાત્માને ગિરવે મૂકીને ગોહત્યાની તરફેણમાં દલીલો કરી હતી, કારણ કે તામિલનાડુની સરકારમાં કોંગ્રેસ પણ સામેલ છે.

તામિલનાડુના પ્રાણી સંરક્ષણ કાયદા, ૧૯૫૮ હેઠળ ૧૦ વર્ષથી વધુ ઉમરની ગાયો, જે ખેતી કે સંવર્ધન માટે અયોગ્ય હોય, તેમની સક્ષમ અધિકારીના પ્રમાણપત્રના આધારે નિયુક્ત સ્થળોએ કતલ કરી શકાય છે. સરકારે કોર્ટને જણાવ્યું હતું કે રાજ્યમાં પશુકતલ પર પ્રાણીઓ પર ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦, પ્રાણીઓ પર ક્રૂરતા નિવારણ (કતલખાનાં) નિયમો, ૨૦૦૧, તમિલનાડુ શહેરી સ્થાનિક સંસ્થાઓ અધિનિયમ, ૧૯૯૮ અને ૨૦૨૩ લાગુ પડે છે. આ કાયદાઓ ફક્ત પ્રાણીકતલની પ્રક્રિયા અને સ્થાનનું નિયમન કરે છે, પરંતુ સંપૂર્ણ પ્રતિબંધ લાદતા નથી. પરિણામે, હાઇ કોર્ટે કાયદાની વિરુદ્ધ ન્યાયિક આદેશ દ્વારા એક નવો કાયદો ઘડ્યો છે. હકીકતમાં કોઈ પણ હાઈ કોર્ટને ભારતના બંધારણના આધારે જૂના કાયદાઓ રદ કરવાનો અને નવા કાયદાઓ ઘડવાનો પણ અધિકાર છે. જો તામિલનાડુની સરકારે મદ્રાસ હાઈ કોર્ટનો ચુકાદો સ્વીકારી લીધો હોત તો આખા રાજ્યમાં આપમેળે સંપૂર્ણ ગોવંશહત્યા પ્રતિબંધિત થઈ જાત, પણ મુસ્લિમ સમુદાયની સહાનુભૂતિ મેળવવા સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી.

સુપ્રીમ કોર્ટ દ્વારા એક તરફ મદ્રાસ હાઈ કોર્ટના ચુકાદાને સ્થગિત કરવામાં આવ્યો છે તો બીજી તરફ સુપ્રીમ કોર્ટે સોમવારે ગાયોની કતલ અટકાવવા માટે રાજ્યોને ગૌહત્યા વિરોધી કાયદા લાગુ કરવાનો નિર્દેશ આપવાની માંગણી કરતી અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બેન્ચે અરજી પર વિચાર કરવામાં અનિચ્છા વ્યક્ત કરી, ત્યાર બાદ અરજદારના વકીલે જણાવ્યું કે તેઓ અરજી પાછી ખેંચી લેશે. ત્યાર બાદ બેન્ચે અરજદારને અરજી પાછી ખેંચવાની પરવાનગી આપી હતી, જે એડવોકેટ વરુણકુમાર સિંહા દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ બે ચુકાદાઓ દ્વારા ખ્યાલ આવે છે કે સુપ્રીમ કોર્ટના જજ સાહેબો પણ દેશભરમાં સંપૂર્ણ ગોવંશહત્યાબંધી કરવામાં આવે તેના સમર્થનમાં નથી.

ભાજપના નેતાઓ એક બાજુ જાહેરમાં ગોવંશની રક્ષા કરવાના સોગંદ ખાય છે, પણ સંસદમાં સમગ્ર ભારતમાં ગોવંશની હત્યાબંધી કરવાનો કાયદો લાવવાની વાત કરવામાં આવે ત્યારે પાણીમાં બેસી જાય છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહે રવિવારે જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે બલિદાન ગોભક્ત શ્રદ્ધાંજલિ સમારોહમાં કહ્યું છે કે આપણે બાંગ્લા દેશ સરહદથી ગાયોની તસ્કરી અટકાવી દીધી છે, પરંતુ ગાયોના રક્ષણ માટે ઘણું કરવાનું બાકી છે. ગાયના સંરક્ષણનો મુદ્દો ફક્ત તેની શ્રદ્ધા, સંસ્કૃતિ અને આધ્યાત્મિક લાગણીઓને કારણે જ નહીં, પરંતુ તેના આર્થિક, સામાજિક અને વૈજ્ઞાનિક પાસાંઓને કારણે પણ મહત્ત્વપૂર્ણ છે. વૈજ્ઞાનિકોએ પુષ્ટિ આપી છે કે ગાયમાં જોવા મળતાં ૮૦ ટકા જનીનો મનુષ્યોમાં પણ જોવા મળે છે. આ સમારોહનું આયોજન ૭ નવેમ્બર, ૧૯૬૬ના રોજ સંસદની બહાર ગોહત્યા વિરુદ્ધ થયેલા પ્રદર્શન દરમિયાન શહીદ થયેલાં લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે કરવામાં આવ્યું હતું. તેમાં દેશભરના સંતો અને મુનિઓ ઉપરાંત, ગૌપૂજક મુવ્વર કુરેશીના નેતૃત્વમાં ગુજરાતનાં સેંકડો મુસ્લિમ યુવાનોએ પણ ભાગ લીધો હતો. તે સમયે ગોસેવકો દ્વારા સંસદને ઘેરો નાખવામાં આવ્યો હતો અને દેશભરમાં ગોવંશની હત્યાબંધીનો કાયદો લાવવાની માગણી કરવામાં આવી હતી. ત્યારની ઇન્દિરા ગાંધીની કોંગ્રેસી સરકાર દ્વારા ગોભક્તો પર ગોળીઓ ચલાવવામાં આવી હતી, જેમાં સંખ્યાબંધ લોકો માર્યા ગયાં હતાં.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સુરેશ ભૈયાજી જોશીએ જણાવ્યું હતું કે આજના સમયમાં કાયદા કરતાં ગાયના રક્ષણનો સંકલ્પ વધુ મહત્ત્વપૂર્ણ છે. ભૈયાજી જોશી હવે કાયદા દ્વારા ગોવંશહત્યાબંધી કરવાને બદલે ગાયના રક્ષણનો સંકલ્પ કરવાની વાત કરે છે, કારણ કે કેન્દ્રમાં ભાજપની સરકાર સંપૂર્ણ ગોવંશહત્યાબંધીનો કાયદો ઘડવામાં નિષ્ફળ ગઈ છે. ગોવામાં તો ખ્રિસ્તીઓને ખુશ કરવા ભાજપે ગોમાંસ ખાવાની પણ તરફેણ કરી હતી. ભાજપના કેટલાક નેતાઓ જ કતલખાનાંમાં ભાગીદારી ધરાવતા હોવાનું બહાર આવ્યું છે. ગોમાંસની નિકાસ કરનારા કેટલાક વેપારીઓ ભાજપને અબજો રૂપિયાનું ભંડોળ આપતા હોવાનું જાહેર થયું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ભાજપના નેતાઓ એક બાજુ જાહેરમાં ગોવંશની રક્ષા કરવાના સોગંદ ખાય છે, પણ ભારતમાં ગોવંશની હત્યાબંધી કરવાનો કાયદો લાવવાની વાત કરવામાં આવે ત્યારે પાણીમાં બેસી જાય છે

રાજ્ય સરકારના રિ-ઇન્ટ્રોડક્શન પ્રોજેક્ટને ઐતિહાસિક સફળતા

છ દાયકા બાદ વિલુપ્ત થયેલું પક્ષી 'ચિલોત્રા' ફરી ગીરમાં વસ્યું

2021થી તબક્કાવાર છોડાયેલા 40 ઇન્ડિયન ગ્રે હોર્નબિલે હવે ગીરમાં માળા બનાવી પ્રજનન શરૂ કર્યું

ગાંધીનગરઃ ગુજરાતના વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ છે. ગીરના જંગલોમાંથી લગભગ છ દાયકા પહેલાં વિલુપ્ત થઈ ગયેલા ઇન્ડિયન ગ્રે હોર્નબિલ (ચિલોત્રા) પક્ષીને ફરી વસાવવાના રાજ્ય સરકારના મહત્ત્વાકાંક્ષી રિ-ઇન્ટ્રોડક્શન પ્રોજેક્ટને સંપૂર્ણ સફળતા મળી છે. વર્ષ 2021થી અરવલ્લીના જંગલોમાંથી તબક્કાવાર ગીરમાં છોડવામાં આવેલા કુલ 40 ચિલોત્રા પક્ષીઓ હવે માત્ર ગીરમાં સ્થાયી થયા નથી, પરંતુ ત્યાં માળાં બનાવી પ્રજનન પણ કરી રહ્યા છે. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય પીઅર-રીવ્યુડ જર્નલ 'બર્ડ્સ' માં પ્રકાશિત થયેલા સંશોધન પત્રમાં આ પ્રોજેક્ટને વૈજ્ઞાનિક માન્યતા મળતાં ગુજરાતનું વન્યજીવ સંરક્ષણ મોડેલ ફરી એકવાર વૈશ્વિક સ્તરે ચર્ચામાં આવ્યું છે.

વર્ષો પહેલાં ગીરમાંથી અદૃશ્ય થઈ ગયેલા આ મહત્વપૂર્ણ પક્ષીને ફરી પાછું વસાવવાનો નિર્ણય વર્ષ 2021માં લેવામાં આવ્યો હતો. ગીરના પર્યાવરણ અને જૈવવિવિધતાનો વૈજ્ઞાનિક અભ્યાસ કર્યા બાદ અરવલ્લીના જંગલોમાંથી ઇન્ડિયન ગ્રે હોર્નબિલને ગીરમાં લાવી બે તબક્કામાં કુલ 40 પક્ષીઓને મુક્ત કરવામાં આવ્યા હતા. વર્ષ 2021 અને 2022 દરમિયાન 28 જ્યારે 2023માં વધુ 12 પક્ષીઓને ગીરના જંગલોમાં છોડવામાં આવ્યા હતા.

પાટણમાં પાંચ હજારના વ્યાજની ઉઘરાણીમાં મહિલાને જીવતી સળગાવી

સારવારમાં મહિલાનું મોત થતાં લોકોમાં રોષની લાગણી પ્રસરી

ગાંધીનગરઃ પાટણમાં માત્ર પાંચ હજાર રૂપિયાના વ્યાજની ઉઘરાણી મુદ્દે થયેલા વિવાદમાં સ્થાનિક વ્યાજખોર દ્વારા એક મહિલાને જીવતી સળગાવી દેવામાં આવતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે. સખ્ત રીતે દાઝેલી મહિલાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતાં વ્યાજખોરી અને મહિલા સુરક્ષાને લઈને ફરી ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.

પાટણની રહેવાસી પિંકીબેન પટણીએ ઘરખર્ચ માટે સ્થાનિક વ્યાજખોર બાબુ રાવળ પાસેથી રૂપિયા વ્યાજે લીધા હતા. આર્થિક મુશ્કેલીને કારણે તેમણે બાકી રકમ ચૂકવવા માટે થોડો સમય માંગ્યો હતો. જેમાં આ બાબતમાં વ્યાજખોર સાથે ઉગ્ર બોલાચાલી થતાં બાબુ રાવળે ઉશ્કેરાઈ જતાં મહિલાને માર મારી બાદ તેના પર જ્વલનશીલ પ્રવાહી નાંખીને આગ ચાંપી દીધી હતી.

આ ઘટનામાં પિંકીબેન ગંભીર રીતે દાઝી જતાં, તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં રોષની લાગણી ફેલાઈ છે. આ ઘટનાની જાણ થતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહિલા આયોગ એક્શનમાં

બીજી તરફ આ ઘટનાને રાજ્ય મહિલા આયોગે અત્યંત ગંભીર ગણીને તેને ઘૃણાસ્પદ ગણાવી સુઓમોટો કાર્યવાહી શરૂ કરી છે. રાજ્ય મહિલા આયોગે પાટણ પોલીસ પાસેથી સમગ્ર ઘટનાનો વિગતવાર તપાસ અહેવાલ મંગાવ્યો છે.

BUSINESS મિત્ર

નિફ્ટીએ 24100 પોઇન્ટની સપાટી તોડી, રોકાણકારોને 2 લાખ કરોડ રૂપિયાનું નુકશાન

વૈશ્વિક તણાવથી શેરબજારમાં કડાકો

ઇરાન-યુએસ વિવાદ અને ક્રુડ ઓઇલ $૮૭ને પાર થતાં માર્કેટમાં ગભરાટ; ફેડરલ રિઝર્વની વ્યાજદર વધારવાની ચેતવણીથી સેન્સેક્સ ૫૬૧ પોઇન્ટ તૂટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.14: ઇરાન-યુએસના તણાવ વચ્ચે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇરાની શીપીંગ પર નૌકાદળી નાકાબંધી ફરીથી લાદવાની જાહેરાત કરી અને કહ્યું કે યુએસ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસરા થતા કાર્ગો પર 20 ટકા ટ્રાન્ઝીટ ફી લાદશે. જેનાથી રોકાણકારો સાવચેત થઇ ગયા છે. બ્રેન્ટ ક્રુડ એ 80 ડોલરની સપાટી કુદાવીને 85 તરફ આગેકૂચ કરી હતી. જેના લીધે શેરબજારમા નકારાત્મક અસર કરતી જોવા મળી હતી, જેની સાથે નિફ્ટીની વીકલી એક્સપાયરી પણ હોવાથી વેચવાલીનું દબાણ રહ્યું હતું. જેના લીધે નિફ્ટી 24100 પોઇન્ટની નીચે સરકી ગઇ હતી. જેના લીધે રોકાણકારોને રૂ. બે લાખ કરોડનું નુકશાન થયું છે.

આવનારા સમયમાં ઇરાન-યુએસ સંઘર્ષના વધુ વિકાસ, ક્રુડ ઓઇલના ભાવમાં હિલચાલ, ચાલુ પ્રથમ કવાર્ટરની કમાણી, કોર્પોરેટ બિઝનેસ અપડેટ અને દક્ષિણ પશ્ચિમ ચોમાસાની પ્રગતિ પર નજીકથી નજર રાખશે.

સેકટર વાઇઝ જોઇએ તો રિયલ્ટી, પીએસયુ બેન્ક અને ઓટો શેરમાં વેચવાલીના દબાણે ઘટયા હતા, જ્યારે ફાર્મા, મેટલ અને કન્ઝયુમર ડયુરેબલ્સના શેરોમાં તેજી જોવા મળી હતી. બીએસઇ સેન્સેક્સ 561.46 પોઇન્ટ એટલે કે 0.72 ટકા ઘટીને 77054.94 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77402 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77001 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 158.95 પોઇન્ટ એટલે કે 0.66 ટકા ઘટીને 24052.05 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. જ્યારે નિફ્ટી 24157 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24023 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 669.15 પોઇન્ટ એટલે કે 1.15 ટકા ઘટીને 57462.30 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે બાયોકોનમાં 224.63 ગણા, નુવોકો વીસ્ટાસ કોર્પોરેશનમાં 56.34 ગણા, સીપલા લી.માં 17.21 ગણા, આધાર હાઉસીંગ ફાઇ.માં 5.79 ગણા અને આલ્કેમ લેબમાં 5.3 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે નુવોકો વિસ્ટાસ કોર્પોરેશનમાં 67.12 ગણા, બાયોકોન લિ.માં 8.12 ગણા, એસબીઆઇ કાર્ડસમાં 6.07 ગણા, કારટ્રેડ ટેકનો 5.68 ગણા, આઇડીબીઆઇ બેન્કમાં 4.54 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ નરમાઇ રહી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.54 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 1.08 ટકા ઘટ્યો હતો. જેથી માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી હતી. બીએસઇ ખાતે 1501 શેરો વધ્યા હતા, જ્યારે 2737 શેરો ઘટ્યા હતા અને 203 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ માર્કેટમાં સપ્ટેમ્બર 2026 સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 3.75 ડોલર એટલે કે 4.50 ટકા વધીને 87.05 ડોલર પ્રતિ બેરલ બોલાતો જોવા મળ્યો હતો, જે ફરીથી વિશ્વને ચિંતામાં મુકી દીધી છે.

મેક્રો ઇકોનોમી દ્રષ્ટિએ વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલની અસર જોવા મળી હતી અને ફુગાવાનો દર આરબીઆઇના 4 ટકાના લક્ષ્યાંકને વટાવી દીધો છે, જે 17 મહિનાની ટોચે પહોંચી ગયો છે. વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફ્યુચર્સ 111 પોઇન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યો છે, જે આજે અમેરિકન બજારો નેગેટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. ક્રુડ ઓઇલના ફરીથી ઉછળતા ભાવોથી ફુગાવો વધી જવાની ચિંતાજતાવવામાં આવી છે. જોકે, આજે એશિયન બજારો પોઝિટિવ રહ્યા હતા, કેમ કે રોકાણકારોએ ચાલી રહેલા યુએસ-ઇરાન યુદ્ધને ટાળ્યો હતો.બીજી તરફ, ફેડરલ રિઝર્વના ગવર્નર ક્રિસ્ટોફર વોલરની ટિપ્પણીઓથી બજાર હચમચી ગયા હતા,

ડોલરમાં ઝડપી ઉછાળો, 96ને પાર

અમેરિકા-ઇરાન તણાવ વધુ ઘેરો બન્યો છે અને ટ્રમ્પે હોર્મુઝ પર અવનજવન થનારા જહાજો પર 20 ટકા ટ્રાન્ઝીટ ફી લગાવવાની જાહેરાતથી ગભરાટ ફેલાયો હતો, જેથી ક્રુડના ભાવમાં ઝડપી ઉછળીને 85 ડોલર બોલાઇ જતાં ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી અને ડોલરે 96ની સપાટી કુદાવી દીધી હતી. કરન્સી બજારમાં આજે ડોલરની સામે રૂપિયો 57 પૈસા ઘટીને 96.20ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.63ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.31, પાઉન્ડ 128.26, કેનેડિયન ડોલર 68.22, ઓસ્ટ્રેલિયન ડોલર 66.37, જાપાનીઝ યેન 0.5932 અને સીંગાપોર ડોલર 74.57ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	96.20 રૂ.
યુરો	109.31 રૂ.
પાઉન્ડ	128.26 રૂ.
યેન	0.5931 રૂ.

સેન્સેક્સ	-561.46	77054.94
નિફ્ટી	-158.95	24052.05
બેન્કનિફ્ટી	-669.15	57462.30

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનુંનામ	ટકાવારી	ભાવ
ભારતી એરટેલ	1.82	1936.50
અપોલો હોસ્પિટલ	1.34	8900.50
સન ફાર્મા	1.10	1942.60
ડો. રેડ્ડીઝ લેબ	0.95	1246.20
ટીસીએસ	0.88	2200.60

ટોપ લુઝર્સ

કંપનીનુંનામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	4.46	1166.70
શ્રીરામ ફાઇનાન્સ	3.26	1013.90
HDFC લાઇફ	3.17	555.20
ટીએમપીવી	2.60	333.35
ઇન્ટરગ્લોબ	2.32	5108.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનુંનામ	ટકાવારી	ભાવ
ભારતી એરટેલ	1.65	1932.95
ટીસીએસ	0.89	2200.95
સન ફાર્મા	0.84	1940.15
ટાટા સ્ટીલ	0.64	188.35
અદાણી પોર્ટસ	0.59	1821.05

ટોપ લુઝર્સ

| કંપનીનુંનામ |